આરોગ્ય કર્મચારીઓને પગાર સમયસર ચુકવવા તંત્રની લોલીપોપ

આવેદનપત્ર આપવા ગયેલા કર્મચારીને ડરાવવા હિનપ્રયાસ કરાયો હોવાનો આક્ષેપ : કર્મચારીઓએ રીપોટીંગ કરવાનું બંધ રાખ્યુ

હિંમતનગર, તા.૮

સાબરકાંઠા જિલ્લા પંચાયત હસ્તકના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતા આરોગ્ય કર્મચારીઓના પગાર અન્ય અધિકારીઓની જેમ નિયમિત રીતે ન થતા તે અંગે જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળ ધ્વારા આંદોલન ચલાવવામાં આવી રહ્યુ છે ત્યારે ગુરૂવારે આ કર્મયારીઓએ કામગીરીનું રીપોટીંગ ન કરીને પોતાનો વિરોધ યથાવત રાખ્યો હતો. દરમિયાન આરોગ્ય કર્મચારી મંડળના પ્રમુખ જિલ્લા આરોગ્ય અધિકારીને પગાર ન થયો હોવાથી આવેદન પત્ર આપવા ગયા ત્યારે ઉલ્ટાનું ચોર કોટવાલને દંડે તેમ જિલ્લા આરોગ્ય અધિકારીએ આવેદન પત્ર આપવા આવેલા કર્મચારીના ઉપરી અધિકારીને ફોન કરી દબાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ગુરૂવાર સાંજ સુધી કર્મયારીઓનો પગાર ન થયો હોવાનો દાવો કરાયો છે.

આ અંગે જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળ વતી પ્રમુખ આશિષકુમાર બહ્મભટ્ટે કરેલા આક્ષેપ મુજબ થોડા દિવસ અગાઉ જિલ્લાના લગભગ ૯૦૦ થી વધુ આરોગ્ય કર્મચારીઓના પગાર અન્ય કર્મચારીઓની જેમ પાંચમી તારીખ સુધીમાં થતા નથી જે અંગે આરોગ્ય કર્મચારી વતી થોડા દિવસ અગાઉ આરોગ્ય અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરવામાં આવી હતી. જેમાં તા.૮ ઓક્ટોમ્બર સુધીમાં પગાર નહી થાય તો કામગીરીનું રીપોટીંગ નહી કરીએ તેવી ચિમકી આપવામાં આવી હતી. તેમ છતા ગુરૂવાર સુધી આ કર્મચારીઓનો પગાર ન થતા અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ આંદોલનને યથાવત રાખવામાં આવ્યુ હતુ.

દરમિયાન પ્રમુખ તથા અન્ય કર્મચારીઓ ગુરૂવારે જિલ્લા આરોગ્ય અધિકારીને લેખિત રજુઆત કરવા ગયા ત્યારે આરોગ્ય અધિકારીએ આ લેખિત રજુઆત સ્વિકારવાની ના પાડી દીધી હતી.

ઉલ્ટાનું પ્રમુખ તથા અન્ય કર્મચારીઓના ઉપરી અધિકારીને ફોન કરીને તેમના કર્મચારીઓ સમયસર આવે છે, કામ કરે છે અને ક્યારે જાય છે તે અંગે પુચ્છા કરી આવેદન આપવા આવનાર કર્મચારી મંડળના હોદ્દેદારો પર ધાક જમાવવાનો પ્રયાસ કરાયો હોવાનો આક્ષેપ ખુદ પ્રમુખે કર્યો હતો. જોકે મામલો જિલ્લા વિકાસ અધિકારી સુધી પહોચ્યા બાદ સાંજ સુધીમાં પગાર થઈ જવાની હૈયાધારણ આપવામાં આવી હતી. જે કેટલી સાચી પડે છે તેતો શુક્રવારે ખબર પડશે.

શરદના સંતાપ સાથે વહેલી પરોઢે ઠંડીનો અનુભવ

ભિલોડા તાલુકામાં મિશ્ર ઋતુ : ઋતુજન્ય બિમારીઓનું જોર વધ્યું

ભિલોડા,તા.૮

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં આરોગ્યની દ્રષ્ટીએ એકદંરે કપરો કાળ ચાલી રહ્યો હોઈ તેવો માહોલ સર્જાયો છે.એક તરફ ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વાઈરસની મહામારી દરમ્યાન સંક્રમણના કેસો સતત વધી રહ્યા છે.બીજી તરફ શરદનો સંતાપ ચાલી રહ્યો હોઈ વાતાવરણમાં મિશ્ર ઋતુની સ્થિતી સર્જાતા બિમારીઓનું જોર એકદંરે વધી રહેલું જણાઈ રહ્યું છે.દિવસે અસહ્ય તાપ-તડકો અને મોડી રાત્રે ઠંડક છવાઈ જતી હોવાથી પ્રજાજનોને ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.હવે શિયાળાની ઋતુનું ધીમે ધીમે આગમન થઈ રહ્યું છે.માખી,મચ્છરોનો ઉપદ્રવ વધતા પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુંકાયા છે.

કોરોના વાઈરસની મહામારી દિન-પ્રતિ-દિન વધતા નિયંત્રણમાં આવવાનું નામ લેતી નથી ત્યારે કોરોના વાઈરસનું સંક્રમણ વધતા કેસો વધુ જોવા મળી રહ્યા છે.પ્રજાજનોને નોકરી,ધંધા તેમજ કોઈ પણ કામકાજ માટે ઘરની બહાર ના છુટકે નીકળવું પડે છે.સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અઘરૂ બનતું જાય છે.કોરોના સંક્રમણની ગતિ હવે આગળ વધી છે.શરદ ઋતુ દરમ્યાન દિવસે તાપ-તડકો અનુભવાય છે ત્યારે પ્રજાજનોને અસહ્ય ગરમી લાગે જ્યારે મોડી રાત્રે વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે.બેવડી ઋતુની સ્થિતી વચ્ચે પ્રજાજનોને રાત્રે અને વહેલી સવારે પંખો,એ.સી. બંધ કરી દેવા પડે તેવી સ્થિતી અનુભવાય છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે મચ્છરોનો ત્રાસ હોવાથી ના છુટકે પંખા ચાલું રાખવા પડે છે ત્યારે તાવ,શરદી-સળેખમ,ખાસી-ઉધરસનું પ્રમાણ વધી રહ્યું છે.કોરોનાનો ચેપ લાગવાની શક્યતા પણ વધી જાય છે.વાઈરલ ફીવર બિમારીઓ માથુ ઉચકતી હોઈ ત્યારે કોરોના વાઈરસને મોકળુ મેદાન મળે તેવી સ્થિતી સર્જાઈ છે.માખી,મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ અટકાવવા માટે પ્રજાજનો ઘરમાં ગુંગળનો ધુપ,લીમડાનો ધુમાડો અને મચ્છરો મારવાની દવાઓનો સહારો લઈ રહ્યા છે.

પ્રાંતિજમાં લાખ્ખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ ગાર્ડન લાપતા

ગાર્ડનની જગ્યાએ વાહનનો પાર્ક તથા લારી ગલ્લાની જમાવટ

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ અમીનપુર રોડ ઉપર લાખ્ખો રૂપિયા ના

ખર્ચે તૈયાર થયેલ ગાર્ડન આંખોને આખો ગાર્ડન ગાયબ.

પ્રાંતિજ નગર પાલિકા દ્વારા બનાવવામાં આવતા ગાર્ડન ખુદ પાલિકાને હદતા ના હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે અને નગરપાલિકા સંચાલિત ગાર્ડનો એક પછી એક લાખ્ખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ ગાર્ડન નગરપાલિકાની જાળવણીને અભાવે બેકાળજીને લઈને બેહાલ બનતા આખાને આખા ગાર્ડન લાપતા થઈ જાય છે ત્યારે પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકર શોપીંગ સેન્ટર આગળ લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલ ગાર્ડન હાલ તો પાલિકાની ગાર્ડન હટાવો નિતીને લઈને આ જગ્યા ઉપરથી હાલ તો અદશ્ય થઈ ગયો છે અને અહીં હાલ તો વાહનો પાર્કિંગ તથા લારી ગલ્લાની જમાવટ થઈ ગઈ છે ત્યારે ગાર્ડન પાછળ ખર્ચ કરેલ લાખ્ખો રૂપિયાનો ખર્ચ માથે પડયો છે.

સુનસર ગામમાં સામાન્ય બાબતમાં મહિલાને ગડદાપાટુનો માર માર્યો

ભિલોડા,તા.૮

ભિલોડા તાલુકાના સુનસર ગામમાં સામાન્ય બાબતમાં મહિલાને બિભત્સ અપશબ્દો બોલીને એકાએક આવેશમાં આવીને ગડદાપાટુનો માર મારતા મામલો ગરમાયો હતો.ઘટના સ્થળે આજુબાજુના રહેવાસી લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા.મહિલા ઈજાગ્રસ્ત હોઈ કોટેઝ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.પોલીસએ ત્રણ ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. બુન્નાબેનના જણાવ્યા મુજબ સુનસર ગામના આશાબેન દિપકભાઈ ગોધા તેઓના કાકાજી બાબુભાઈ ગોધાના ઘરે બેઠા હતા તે અરસામાં અજયભાઈ પરમારએ બિભત્સ અપશબ્દો બોલીને મહિલાને કહ્યું કે બાબુભાઈની દિકરીને કેમ ભગાડેલ છે ત્યારે આશાબેનએ કહ્યું કે મેં કોઈ દિકરીને ભગાડેલ નથી તારા સબંધી લઈ ગયા છે તેમ કહેતાની સાથે આરોપી ઈસમ એકાએક ઉગ્ર આવેશમાં આવી મહિલાના ગાલ પર થપ્પડ મારીને તેઓના શરીર પર ગડદાપાટુનો માર મારતા દિવાબેન અને નિલમબેનએ તેઓને ઉપરાણું લઈ મહિલાને ગડદાપાટુનો માર મારી બિભત્સ અપશબ્દો બોલીને એકબીજાએ મદદગારી કરી હતી.સુનસર ગામના આશાબેન દિપકભાઈ ગોધાએ આ બનાવ સંદર્ભે (૧) અજયભાઈ નરેશભાઈ પરમાર (૨) દિવાબેન નરેશભાઈ પરમાર (૩) નિલમબેન અનિલભાઈ તરાર વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસએ ત્રણ ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ ફૂટપાથ ઉપર ઉગી નિકળેલ બાવળ-આંકડા સફાઈ અભિયાન હાથ ધરાયું

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના હાર્ટ સમાન એપ્રોચરોડ

રોડ ઉપર આવેલ ફુટપાથ ઉપર ઉગી નિકળેલ બાવળ-આંકડાની સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું.

પ્રાંતિજ ખાતે પ્રાંતિજના હાર્ટ સમાન એપ્રોચરોડ પર આવેલ ફુટપાથ ઉપર કેટલાક સમયથી અંકડા અને બાવળ ઉગી નિકળેલ હતાં જેને રોડની બાજુની બન્ને સાઈડોમા આવેલ ફુટપાથ ઢંકાઈ ગયો હતો અને રોડ ઉપર અવરજવર કરતા લોકોને રોડની બાજુમાં આવેલ ફુટપાથની જગ્યાએ રોડ ઉપર ચાલવાનો વારો આવ્યો હતો. આરએમબી વિભાગ દ્વારા આજે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવતા ફરી ફુટપાથ ખુલ્લો થતા નગરજનોમાં તથા રોજીદા રોડ ઉપર અવરજવર કરતા લોકો ખુશી જોવા મળી છે.

દાંતીવાડા પોલીસે પીછો કરી વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપી

૧,૮૫,૫૫૦ના મુદ્દામાલ સાથે એક ઝડપાયો ત્રણ ફરાર

દાંતીવાડા, તા. ૮

દાંતીવાડા ત્રણ રસ્તા ઉપર પોલીસે પાંથાવાડા તરફથી આવતી

ગાડીને રોકવાનો ઈશારો કરતા ચાલકે ગાડી ભગાડી મુકી હતી, જેથી પોલીસે પીછો કરતા આખરે ૨૨ કી.મી. દૂર પાલનપુર પાસેથી ગાડી સાથે આરોપીને ઝડપી પાડ્યો હતો.

મળતી માહિતી અનુસાર દાંતીવાડા પોલીસ સ્ટેશન આગળ સવારના સાત વાગ્યાના સમયે વાહન ચેકિંગ કરતા સમયે રાજસ્થાન તરફથી આવતી મારૂતિ ડિઝાયર (નં.આર.જે.૧૪. સી.કે. ૪૦૨૧) ગાડીને રોકવાની કોશિષ કરેલ પણ ગાડી ચાલકે બેફામ ગાડી ભગાડી દીધી હતી. જો કે પી.આઈ. એ.આર. ચૌધરીએ પળનોય વિલંબ કર્યા વિના પોલીસ જવાનોની સાથે ગાડીનો પીછો કર્યો હતો અને પાલનપુરના ચડોતર ગામ પાસે ગાડી સાથે અશોકકુમાર સાવળારામ વિશ્નોઈ (રહે. વાડાભાડવી)ને ઝડપી પાડી ગાડી અંદર દારૂનો જથ્થો હોવાનું જણાતા તેની અટક કરી ગાડી સાથે રૂ. ૧,૮૫,૫૫૦નો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી ફરાર ત્રણ આરોપી સુરેશભાઈ રત્નભાઈ વિશ્નોઈ, સુરેશભાઈ લઘુભાઈ વિશ્નોઈ અને પ્રકાશભાઈ રત્નારામને પકડવા આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાની એચડીએફસી બેંકના ત્રણ કર્મચારી કોરોના પોઝેટીવ

બે દિવસ બેંક બંધ : અરવલ્લી જીલ્લા ભાજપના મંત્રીને કોરોના ભરખી ગયો

મોડાસા, તા. ૮

સપ્ટેમ્બર મહિનાની ૫ મી તારીખે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અરવલ્લી જિલ્લાના પ્રવાસે આવ્યા હતા. આ પ્રવાસમાં સર્જાયેલ સોશીયલ ડિસ્ટન્સના ભંગને લઈ ચકચાર મચી હતી અને એ પછીના કેટલાક દિવસો બાદ પ્રદેશ પ્રમુખ પણ કોરોનાથી સંક્રમીત થયા હતા. આ પ્રવાસ દરમ્યાન પ્રમુખ સાથે જોડાયેલ, ફોટોગ્રાફીમાં સાથે રહેલા કેટલાક અગ્રણીઓ અને કાર્યકરો કોરોનામાં સપડાયા હતા. શિસ્તબદ્ધ ગણાતી પાર્ટીના કાર્યકર્તાઓ સાવચેતીના ભાગરૂપે હોમ કર્વારન્ટાઈન થયા હતા. પ્રદેશ પ્રમુખના કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ જિલ્લા ભાજપાના મંત્રી ગજાનંદભાઈ પ્રજાપતિને થોડાક દિવસો કોરોનાના શંકાસ્પદ લક્ષણો જણાતા સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ થયા હતા. કોરોના સામે જંગ હારી જતા ગજાનંદભાઈ પ્રજાપતિનું મોત નિપજતાં જિલ્લા ભાજપાના કાર્યકરોમાં ફફડાટ ફેલાયો છે.

જીલ્લામાં સરકારી ચોપડે ૫૧૯ કેસ કોરોના પોઝેટીવના નોંધાયા છે.

અરવલ્લી જીલ્લામાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરની માલપુર રોડ પર આવેલી એચડીએફસી બેંકના ત્રણથી વધુ કર્મચારીઓ કોરોનાગ્રસ્ત થતા ગ્રાહકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. બેંકના સત્તાધીશોએ બેંક બે દિવસ બંધ રાખવાનો નિર્ણય લેતા બેંક બહાર બેંકનું કામકાજ બે દિવસ બંધ રહેશેની નોટીસ ચીપકાવી દીધી છે. મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં આવેલી બેંકોમાં સોશ્યલ ડિસ્ટન્સના લીરેલીરા ઉડતા હોવાની સાથે માસ્ક વગર ગ્રાહકો કામકાજ અર્થે પહોંચતા હોવાથી અને કેટલાક કર્મચારીઓ અમદાવાદ જેવા શહેરી વિસ્તારોમાંથી ફરજના સ્થળ પર આવન-જાવન કરતા હોવાથી કોરોનાના સંક્રમણમાં બેંકના કર્મચારીઓ અને કોરોનાગ્રસ્ત કર્મચારીઓના સંપર્કમાં આવનારા ગ્રાહકો કોરોનાથી સંક્રમીત થઈ રહ્યા છે.

ભીલડી-નેસડા રેલ ટ્રેક ઉપર માલગાડીની અડફેટે આધેડનું મોત

કોરોના મહામારી વચ્ચે બનાસકાંઠા જિલ્લામાં અકસ્માતે મોતના બનાવોમાં પણ ચિંતાજનક હદે વધારો થવા પામ્યો છે. જેના વધુ એક બનાવમાં ડીસા તાલુકાના જુના નેસડા ગામના એક આધેડનું માલવાહક ટ્રેનની ટક્કરે મોત થયુ છે. મૃતક પુરૂષ માનસિક રીતે અસ્થિર અને કાને ઓછું સાંભળતાં હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને લઈ સ્થાનિકો સહિત આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. ઘટનાને લઈ ભીલડી પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસા તાલુકાના જૂના નેસડા ગામના બનાજી મેઘજી રાઠોડ (ઉ.વ. ૫૦)નું સોમવારે સવારે ભીલડી અને નેસડા વચ્ચેની રેલ ટ્રેક પર માલવાહક ટ્રેનની ટક્કરે મોત થયુ છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ છે કે બનાજી રાઠોડની હાલત માનસિક અસ્થિર અને તેઓ કાને ઓછું સાભળતાં હોવાથી રેલવે ક્રોસિંગ વખતે અડફેટે આવતાં તેમનું મોત થયુ છે. ઘટનાને લઈ ભીલડી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાવના પગલે પંથકમાં અરેરાટી છવાઈ છે.

વડગામ તાલુકાના નવાવાસ ગામમાં

આરસીસી રોડ અને પ્રોટેક્શન, દિવાલના કામમાં ભારે ગેરરીતિ આચરાઈ હોવાની બુમરાડ

કામ કરનાર કોન્ટ્રાકટર દ્વારા તકલાદી કામ કરાતાં રોડ ત્રણ મહિનામાં જ તુટવા લાગ્યો

વડગામ, તા. ૮

વડગામ તાલુકાના છેવાડે આવેલા નવોવાસ ગામમાં ગ્રામપંચાયત દ્વારા વિકાસના કામમાં આરસીસી રોડ તેમજ એક પ્રોટેક્શન દિવાલ બનાવી છે. જેનુ કામ કોન્ટ્રાકટર દ્વારા તકલાદી કરાતાં આરસીસી રોડ ત્રણ મહીના જેટલા સમયમાં જ તુટવા લાગ્યો છે. સરકાર દ્વારા ગામડાઓના વિકાસ માટે અનેક યોજનાઓ હેઠળ વર્ષે દહાડે લાખો રૂપિયાની ગ્રાન્ટો ફાળવવામાં આવે છે. પરંતુ પંચાયતમાં બેઠેલા પંચાયતના સત્તાધીશો અને કોન્ટ્રાકટરોની મિલિભગતથી તેમજ તાલુકા જિલ્લામાં બેઠેલા ઉચ્ચ અધિકારીઓની ટકાવારીના

મેળપણાથી ગામડાઓમાં કરવામાં આવતા વિકાસના કામોમાં પંચાયત તેમજ કોન્ટ્રાકટરો દ્વારા ભારે ધુપ્પલ બાજી ચલાવાઈ રહી છે. ગ્રામ પંચાયતોમાં કરાતા

વિકાસના કામોમાં સરપંચો તેમજ કોન્ટ્રાકટરો દ્વારા ભારે ગોટાળા સાથે ગેરરીતિઓ આચરીને માલામાલ બની રહ્યા છે.

નવાવાસ ગામમાં સરપંચના ઘર નજીકથી જ તાજેતરમાં જ આરસીસી રોડનું કામ કરવા આવ્યું છે. જે રોડ કામ કરાયાના મહીનાઓ માં જ તુટવા લાગ્યો છે. તેમજ રાવત વાસ નજીક બનાવેલ પ્રોટકશન દિવાલના કામમાં પણ વેઠ વાળવામાં આવી છે. વડગામ તાલુકા પંચાયત માં બેઠેલા જવાબદાર કર્મચારી દ્વારા નવોવાસમા આરસીસી રોડ અને પ્રોટેકશન દિવાલના કામ દરમિયાન સાઈડની મુલાકાત કરાઈ છે ખરી ? કરાઈ તો કેમ તકલાદી કામ નજરે આવ્યું નહીં તેવા અનેક સવાલો સાથે આક્ષેપો ગ્રામજનોમાં થઈ રહ્યા છે.

આકરૂન્દ નજીક પરણીત પ્રેમી-પંખીડાની આત્મહત્યાથી બે પરિવારો છિન્નભિન્ન

ધનસુરા, તા. ૮

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામની સીમમાં આવેલ ખેતર નજીક ઝાડ પર પરણીત પ્રેમી પંખીડાએ ઝાડ પર ગળેફાંસો ખાધેલી હાલતમાં બંનેની લાશ લટકતી હાલતમાં મળતા ચકચાર મચી હતી. મંગળવારે સાંજના સુમારે બનેલી ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. પોલીસે બંને મૃતકની લાશને ઝાડ પરથી ઉતારી પીએમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સજોડે આત્મહત્યા કરી લેતા બે પરિવારો પર આભ તૂટી પડ્યું હતું. મૃતક યુવકના ૧૦ વર્ષ અગાઉ લગ્ન થયા હતા અને સુખી લગ્નસંસારના ભાગરૂપે પુત્ર-પુત્રી છે ત્યારે યુવતીના થોડા સમય અગાઉ જ લગ્ન થયા હતા. બાપુપુરાના અજયસિંહ કાળુસિંહ રાઠોડને નવાનગરની ખુશ્બૂબેન વસાવા સાથે કેટલાક વર્ષોથી પ્રેમના સંબંધ હતા બંને યુવક-યુવતી પરણીત હોવાથી પરિવારજનો અને સમાજ પ્રેમસંબંધ નહિ સ્વીકારેના ડરથી બંનેએ સાથે જીવવા મરવાના કોલ આપ્યા હોય તેમ મંગળવારે ઘરેથી નીકળી આકરૂન્દ ગામની સીમમાં ઝાડ પર એક જ દુપટ્ટા વડે ગળેફાંસો લટકી જતા ભારે ચકચાર મચી હતી. મૃતક યુવક યુવતી નજીકના ગામના હોવાથી બંનેના પરિવારજનો અને સગા-સંબંધી મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા અને આક્રંદ કરી મૂક્યું હતું.

અરવલ્લીમાં સાગમેટે ૯૪ પોલીસ કર્મીઓની આંતરિક બદલી કરતાં પોલીસ બેડામાં ચર્ચા

અરવલ્લી જીલ્લામાં જુદા જુદા પોલીસ સ્ટેશનો અને વિવિધ એજન્સીઓમાં ફરજ બજાવતા ૯૪ પોલીસ કર્મચારીઓની જીલ્લા પોલીસવડા સંજય ખરાતે અરસ-પરસ બદલીનો ગંજીપો ચીપ્યો છે જેમાં છેલ્લા કેટલાક વર્ષોથી એકનેક પોલીસસ્ટેશનમાં અને પોલીસતંત્રની વિવિધ શાખાઓમાં કેટલાક વગદાર પોલીસ કર્મચારીઓ (વહીવટદાર) તરીકે દબદબો ધરાવતા પોલીસ કર્મીઓની પણ બદલી કરવામાં આવતા ઈમાનદાર પોલીસ કર્મીઓમાં આનંદ છવાયો છે. સ્વચ્છ છબી ધરાવતા એસપી સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં કેટલાક પોલીસતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ભાઈબંધી બાંધી બેફામ બનેલ બુટલેગર અને વરલી-મટકા અને જુગારના સ્ટેન્ડ ચલાવતા અસામાજીક તત્વો ભૂગર્ભમાં ઉતરી જતા એસપીની કામગીરીને લોકોમાં ભારે આવકાર મળી રહ્યો છે.

બીજીબાજુ જીલ્લા પોલીસતંત્રમાં વહીવટદાર તરીકે દબદબો ધરાવતા પોલીસ કર્મીઓમાં

સોપો પડી ગયો છે. જીલ્લાના પોલીસ મથકોમાં ફરજ બજાવતા અને વહીવટદાર તરીકે વગોવાયેલ કેટલાક પોલીસકર્મીઓ તો બદલીના સ્થળે હાજર પણ ભૂતકાળમાં ન થયા હોવાના અને જે તે પોલીસ સ્ટેશનમાં પડ્યા પાથર્યા રહેતા હોવાની બૂમો ઉઠી હતી અને રાજકીય અગ્રણીઓ અને ગાંધીનગર સુધી પડીકું પહોંચતું કરી પરત જે તે પોલીસ સ્ટેશનમાં ગોઠવાઈ જતા હોવાની પોલીસ બેડામાં ચર્ચાઓ જે તે સમયે ચાલતી રહી છે, સ્ટેશનમાં પીઆઈ કે પીએસઆઈ કરતા વહીવટદારોનું પ્રભુત્વ વધુ જોવા મળતું હતું ત્યારે જીલ્લા પોલીસવડાએ બદલી થયેલ ૯૪ પોલીસકર્મીઓએ કોઈ પણ પ્રકારના બેક રેફરન્સ વગર છુટા થવા અને બદલીના સ્થળે હાજર થવાની તાકીદ કરતા વહીવટદાર તરીકે વગોવાયેલ પોલીસકર્મીઓમાં સોપો પડી ગયો છે. અરવલ્લી પોલીસવડા સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં અસામાજીક પ્રવૃતિઓ ડામવા અને પ્રોહીબીશનની શખ્ત અમલવારી માટે જીલ્લા પોલીસતંત્રને શસ્ત્ર કાર્યવાહીના આદેશ આપવામાં આવતા કેટલાક પોલીસકર્મીઓની શંકાસ્પદ કામગીરી હોવાની માહિતી એસપી સંજય ખરાતના કાને પડી હતી થોડા દિવસ અગાઉ શામળાજીના બે અને અન્ય એક પોલીસકર્મીની બદલી કરાયા બાદ બુધવારે સાગમેટે ૯૪ પોલીસ કર્મીઓની આંતરિક બદલી કરવામાં આવતાં જિલ્લાના પોલીસબેડામાં ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો છે.